# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડીયા વાંચે છે.

*******************************************************

1) ભારતીય સેનાના DGMO એ કહ્યું કે, ઓપરેશન સિંદૂરમાં નવ આતંકવાદી છાવણીઓ પર થયેલા હુમલામાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજી

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી, પરંતુ તે ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઇચ્છાશક્તિનું પ્રતીક છે.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવી

5) ડિજિટલ ધરપકડ સામે ચાલી રહેલા ઓપરેશન હેઠળ CBI એ 8 રાજ્યોમાં 42 સ્થળોએ દરોડા પાડ્યા

6) મહિલા ક્રિકેટમાં ભારતે ત્રિકોણીય એક દિવસીય શ્રેણીની ફાઇનલ મેચમાં શ્રીલંકા સામે ભવ્ય વિજય મેળવ્યો

……………………………………………………………………

હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો..

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DGMO BRIEFING

ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ આજે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળનાં કશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓ પર થયેલા હુમલામાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

(બાઈટ - રાજીવ ઘાઈ ડીજીએમઓ)

નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા તેમણે કહ્યું કે આમાં યુસુફ અઝહર, અબ્દુલ મલિક રૌફ અને મુદાસિર અહમદ જેવા ટોચના આતંકવાદીઓનો સમાવેશ થાય છે જેઓ IC-814 ના હાઇજેક અને પુલવામા વિસ્ફોટમાં સામેલ હતા. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર આતંકવાદના ગુનેગારો અને આયોજકોને સજા આપવા અને તેમના આતંકવાદી માળખાને નષ્ટ કરવાના સ્પષ્ટ લશ્કરી ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂરમાં ખૂબ મહેનત અને કાળજીપૂર્વક સરહદ પારના આતંકવાદી ઠેકાણાઓની તપાસ કરવામાં આવી હતી અને આતંકવાદી છાવણીઓ અને તાલીમ સ્થળોની ઓળખ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . .

# REV-PM – MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, સૈન્યનાં વડા જનરલ અનિલ ચૌહાણ, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠી અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે બંને દેશોના લશ્કરી અભિયાન મહાનિદેશકોએ એકબીજા સાથે વાત કર્યા બાદ આ બેઠક યુદ્ધવિરામને ધ્યાનમાં રાખીને થઈ હતી. બંને દેશોના આ અધિકારીઓ આવતીકાલે ફરી વાત કરશે.

. . . . . . . . . . . . . . . .

# ARMY CHIEF

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઈકાલે રાત્રે યુદ્ધવિરામ અને હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનને પગલે પશ્ચિમી સરહદોના સેના કમાન્ડરો સાથે સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ભારતીય સેનાએ જણાવ્યું હતું કે સેના પ્રમુખે સેનાના કમાન્ડરોને ગઈકાલે બંને દેશોના ડાઇરેક્ટર જનરલ ઓફ મિલીટરી ઓપરેશન્સ DGMOs ની વાતચીત પછી થયેલી સમજૂતીના કોઈ પણ ઉલ્લંઘન માટે પ્રતિકાર કરવાની સંપૂર્ણ સત્તા આપી છે.

. . . . . . . . . . . . . . .

# AIR FORCE- OPERATION SINDOOR

વાયુસેનાએ કહ્યું છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન તેને સોંપવામાં આવેલા તમામ કાર્યો સંપૂર્ણ કાર્યક્ષમતા સાથે પૂર્ણ કર્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં વાયુસેનાએ કહ્યું છે કે તમામ કામગીરી રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને ભવ્ય રીતે હાથ ધરવામાં આવી હતી. હાલમાં આ કામગીરી ચાલી રહી છે અને યોગ્ય સમયે વિગતો આપવામાં આવશે. વાયુસેનાએ દરેકને અટકળો ટાળવા અને અપ્રમાણિત માહિતી શેર ન કરવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . . .

# RAJNATH – BRAHMOS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી, પરંતુ તે ભારતની રાજકીય, સામાજિક અને વ્યૂહાત્મક ઇચ્છાશક્તિનું પ્રતીક છે. લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ ઇન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યા પછી સંરક્ષણ મંત્રીએ આ વાત કહી.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર એ ભારતની મજબૂત ઇચ્છાશક્તિ, ક્ષમતા અને આતંકવાદ સામે લશ્કરી શક્તિના દૃઢ નિશ્ચયનું પ્રદર્શન છે. દેશે બતાવ્યું છે કે જ્યારે પણ ભારત આતંકવાદ સામે કોઈ કાર્યવાહી કરશે, ત્યારે સરહદ પારની જમીન પણ આતંકવાદીઓ સુરક્ષિત રહેશે નહીં.

(બાઈટ- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ - ટેરર એક્શન)

બ્રહ્મોસનો ઉલ્લેખ કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તે ભારત અને રશિયાની સંયુક્ત ઉચ્ચતમ સંરક્ષણ ટેકનોલોજીનું પરિણામ છે. ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઓપરેશન સિંદૂરની સફળતા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને આપણી ત્રણેય સેનાના બહાદુર સૈનિકોને અભિનંદન આપ્યા. ઓપરેશન સિંદૂર દરમિયાન આપણે બ્રહ્મોસ મિસાઇલની ઝલક જોઈ છે. 300 કરોડ રૂપિયાનું બ્રહ્મોસ યુનિટ રાજ્યની સંરક્ષણ ઉત્પાદન મહત્વાકાંક્ષાઓને નોંધપાત્ર વેગ આપશે. આ યુનિટ દર વર્ષે 80 થી 100 સુપરસોનિક ક્રુઝ મિસાઇલોનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખે છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

………………………………………………………………

# NATIONAL TECHNOLOGY DAY

**આજે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ છે. વર્ષ 1998માં આ દિવસે ભારતે રાજસ્થાનના પોખરણમાં પરમાણુ બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ દિવસે ભારતની તકનીકી કુશળતા અને દેશના પ્રથમ સ્વદેશી વિમાન હંસા-3ના પ્રક્ષેપણમાં વૈજ્ઞાનિકો, ઇજનેરો અને નવીનતાઓના યોગદાન અને છઠ્ઠા વૈશ્વિક પરમાણુ પરીક્ષણને યાદ કરવામાં આવે છે.**

. . . . . . . . . . . . . . .

# PM NATIONAL TECHNOLOGY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ દિવસ દેશના વૈજ્ઞાનિકો પ્રત્યે ગર્વ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને 1998 ના પોખરણ પરીક્ષણોને યાદ કરવાનો છે.

શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે આપણા લોકોના બળથી, ભારત ટેકનોલોજીના વિવિધ પાસાઓમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યું છે, પછી ભલે તે અવકાશ હોય, કૃત્રિમ બુદ્ધિમાતા હોય, ડિજિટલ નવીનતા હોય, ગ્રીન ટેકનોલોજી હોય. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, દેશ વિજ્ઞાન અને સંશોધન દ્વારા ભાવિ પેઢીઓને સશક્ત બનાવવાની તેની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે . તેમણે ઇચ્છા વ્યક્ત કરી હતી કે, ટેકનોલોજી માનવતાનું ઉત્થાન કરશે, રાષ્ટ્રને સુરક્ષિત કરશે અને ભવિષ્યના વિકાસને વેગ આપશે.

. . . . . . . . . . . . . . . .

# SRILANKA ACCIDENT

શ્રીલંકાના કોટમાલેમાં આજે એક બસ અકસ્માતમાં 21 લોકોના મોત થયા છે અને 35 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. વરસાદથી ભીંજાયેલા વાંકડિયા રસ્તા પરથી બસ લપસી જતાં ખાડામાં પડી હતી. વાહનમાં 50 થી વધુ મુસાફરો હોવાના અહેવાલ છે. પોલીસે બચાવ કામગીરી શરૂ કરી છે.

. . . . . . . . . . . . . . . .

# CBI- DIGITAL ARREST

ડિજિટલ ધરપકડ સામે ચાલી રહેલા ઓપરેશન ચક્ર-પાંચ હેઠળ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન- CBI એ 8 રાજ્યોમાં 42 સ્થળોએ દરોડા પાડ્યા છે. આ દરોડા આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ રાજ્યોમાં કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી હેઠળ, એજન્સીએ પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

CBI એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કાર્યવાહી હેઠળ, ટેલિકોમ ઓપરેટરોના વિવિધ પોઈન્ટ ઓફ સેલ એજન્ટોના મકાનો પર દરોડા પાડવામાં આવ્યા હતા, જેમણે કથિત રીતે સાયબર ક્રાઇમ ગુનેગારો અને ટેલિકોમ સેવા પ્રદાતાઓના અજાણ્યા અધિકારી સાથે મળીને સિમ કાર્ડ મેળવવા અને સિમ કાર્ડનો ઉપયોગ ડિજિટલ ધરપકડ, નકલ, કપટપૂર્ણ જાહેરાત, રોકાણ છેતરપિંડી, UPI છેતરપિંડી સહિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થાય છે.

. . . . . . . . . . . . . . . .

# REV - EVE WOMEN'S CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આજે કોલંબોમાં આર .પ્રેમાદાસા સ્ટેડિયમ ખાતે ત્રિકોણીય એક દિવસીય શ્રેણીના ફાઈનલમાં શ્રીલંકાને રનથી હરાવીને શાનદાર 97 પ્રથમ બેટીંગ કરતાં .જીત મેળવી છે, ભારતનાં ઉપકપ્તાન સ્મૃતિ મંધાનાનાં શાનદાર .રન બનાવ્યાં હતાં 342 વિકેટે 7 ઓવરમાં 50 રનની મદદથી 116

શ્રીલંકાનાં બોલરો સુગંધિકા કુમારી, મલિક મદારા, અને દેવી વિહંગાએ બેબ - વિકેટ લીધી, શ્રીલંકા 48..રનમાં ઓલઆઉટ થઈ ગયું 245 ઓવરમાં 2

. . . . . . . . . . . . . . . .

# ARCHERY-BRONZE

ચીનના શાંઘાઈમાં આજે તીરંદાજી વિશ્વ કપનાં બીજા સ્ટેજમાં ભારતે સાત ચંદ્રક સાથે પોતાનું અભિયાન પૂરૂં કર્યું, તીરંદાજ દીપિકા કુમારી અને પાર્થ સાલુંખેએ કાંસ્ય ચંદ્રક જીત્યા. એક રોમાંચક મેચમાં, દીપિકાએ ટોક્યો ઓલિમ્પિક ટીમ સુવર્ણ ચંદ્રક વિજેતા કોરિયાની કાંગ ચાયેયોંગને 7-3 થી હરાવી. ભારતનો આ વર્ષનો પ્રથમ ચંદ્રક અને તેનો 12મો વ્યક્તિગત વિશ્વ કપનાં ચંદ્રક હતો.

વર્તમાન અંડ 21 વિશ્વ ચેમ્પિયન પાર્થ સાલુંખેએ પુરુષોની રિકર્વ કેટેગરીમાં પ્રથમ વિશ્વ કપ ચંદ્રક જીત્યો. તેણે ફ્રાન્સના પેરિસ ઓલિમ્પિક ચંદ્રક વિજેતા બાપ્ટિસ્ટ એડિસને 6-4 થી હરાવ્યો.

. . . . . . . . . . . . . . .